# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. CAA હેઠળ રાજકોટમાં આજે 185 લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અપાયા
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે નડિયાદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ-આણંદમાં NCC એકેડમીનું ઉદ્ઘાટન
3. 'મિષ્ટી' યોજના હેઠળ ચેરના વાવેતરમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે
4. દક્ષિણ ગુજરાતમાં આજે મેઘમહેર- વલસાડના કપરાડામાં 6 ઇંચથી વધુ વરસાદ
5. પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RAJKOT CAA

રાજકોટમાં આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 185 લોકોને ભારતીય નાગરિકત્વ મળતા તેમણે સરકારનો આભાર માન્યો. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં 185 લોકોને 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર' એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ શ્રી સંઘવીએ ભારતીય નાગરિકતા મેળવનારા લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. શ્રી સંઘવીએ તેમને સરકાર તરફથી તમામ સહાયની ખાતરી આપી હતી.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

ભારતીય નાગરિકતા પ્રાપ્ત થતાં મહિલા લાભાર્થીએ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

(બાઇટ: મહિલા લાભાર્થી)

. . . . . . . . . . .

# CM NADIAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે નગરો અને ગામો એમ બંનેના સર્વાંગી વિકાસથી વિકસિત ગુજરાત બનાવવાનું સરકારનું લક્ષ્ય છે. આજે નડીયાદ મહાનગરપાલિકા અને ખેડા જિલ્લાના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે શહેરી વિકાસ માટે બજેટમાં 40 ટકાનો વધારો કરીને 30 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં

આવ્યા છે. તેમણે નાગરિકોને કેચ ધ રેન અંતર્ગત જળ સંગ્રહ કરવા અનુરોધ કર્યો હતો.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ - મુખ્યમંત્રી)

. . . . . . . . . . .

# CM NCC ACADEMY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના નાવલી ખાતે 5 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ NCC લીડરશીપ એકેડમીનું લોકાર્પણ કર્યું. આ એકેડમી NCC કેડેટ્સમાં નેતૃત્વ, શિસ્ત અને જવાબદાર નાગરિકતાના વિકાસ માટેનું કેન્દ્ર બનશે. પ્રથમ તબક્કામાં 200 કેડેટ્સ માટે રહેવા તથા તાલીમની વ્યવસ્થા, બીજા તબક્કાના નિર્માણ બાદ 600 કેડેટ્સ સામેલ થઇ શકશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અમદાવાદ અને રાજપીપળા બાદ રાજ્યમાં આણંદમાં ત્રીજી NCC લીડરશીપ એકેડમીનું નિર્માણ થયું છે,

. . . . . . . . . . .

# CHC OPENING -BAGASARA

અમરેલી જિલ્લાના બગસરામાં આજે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું.

4 કરોડથી વધુના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ થયેલ આ આરોગ્ય કેન્દ્રને ખુલ્લુ મુકતા મંત્રીશ્રીએ જણાવ્યુ કે દરેકને સ્વમાનભેર આરોગ્યના લાભો મળે તે માટે પીએચસી, સીએચસી, પેટા આરોગ્ય કેન્દ્ર વગેરે આરોગ્ય સેવાનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

30 બેડ ધરાવતી આ નવનિર્મિત CHCમાં લેબોરેટરી, એક્સ રે, ઓપરેશન રૂમ, ફિઝીયોથેરાપી, ટીબી વિભાગ સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે, અને થોડા સમયમાં જ ડાયાલિસિસ વિભાગ પણ શરૂ કરાશે જેથી તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . .

# BHARTI MELO

ભૂતપૂર્વ સૈનિકોને નિવૃત્તિ પછી સશક્ત બનાવવા માટે, સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ સૈનિકો કલ્યાણ વિભાગ હેઠળના પુનર્વસન મહાનિર્દેશાલય (DGR) દ્વારા આજે અમદાવાદ મિલિટરી સ્ટેશન ખાતે રોજગાર મેળો યોજાઇ ગયો. આ મેળામાં 600 થી વધુ ભૂતપૂર્વ સૈનિકોએ પ્રત્યક્ષ ભાગ લીધો હતો, જ્યારે 2000 જેટલા લોકો ઓનલાઇન માધ્યમથી જોડાયા હતા. આ ભરતી મેળામાં 50 થી વધુ ખાનગી કંપનીઓ સાથે ગુજરાત સરકારના વિભાગ પણ જોડાયા હતા.

આ અંગે વધુ માહિતી આપતા DGR ના મુખ્ય નિયામક, , કેપ્ટન વિક્રાંત કિશોરે આ મુજબ જણાવ્યું.

(બાઈટ – કેપ્ટન, વિક્રાંત કિશોર)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJARAT MANGROVE

'મિષ્ટી' યોજના હેઠળ 19 હજાર 520 હેક્ટર વિસ્તારમાં ચેરના વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. સરકારની Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes' એટ્લે કે મિષ્ટી' યોજના હેઠળ રાજયમાં એક હજાર 175 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરાયું છે. જેમાં માત્ર કચ્છ જિલ્લામાં જ 6 હજાર હેક્ટરમાં ચેરના વૃક્ષો છે. જ્યારે મેન્ગ્રુવ આવરણની દ્રષ્ટિએ ગુજરાત

દેશમાં બીજા ક્રમે છે. તેમાં પણ કચ્છ જિલ્લો 799 ચોરસ કિલોમીટર મેન્ગ્રુવ આવરણ સાથે રાજ્યમાં અગ્રેસર છે.

મેન્ગ્રોવ્સ એ દરિયાકાંઠાના જંગલો છે, જેમાં ખારા પાણીમાં ઉગે તેવા વૃક્ષોનો સમાવેશ થાય છે. આ વૃક્ષો પોષકતત્વો અને કાંપને ફિલ્ટર કરીને પાણીની ગુણવત્તા સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

. . . . . . . . . . .

## NEW SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા ભુજ અને રાજકોટ વચ્ચે ત્રિ-અઠવાડિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેન નંબર 09546 ભુજ-રાજકોટ સ્પેશિયલ, 30 જુલાઈ થી 28 સપ્ટેમ્બર સુધી દરેક બુધવાર, શુક્રવાર અને રવિવારે રાત્રે 11-15 વાગે ઉપડી બીજે દિવસે સવારે 5-50 વાગે રાજકોટ પહોંચશે. આ જ ટ્રેન દરેક મંગળવાર, ગુરૂવાર અને શનિવારે રાજકોટ થી રાત્રે 10-30 વાગે ઉપડી બીજા દિવસે સવારે 5 વાગે ભુજ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, સામખ્યાલી, માલિયા-મિયાણા, દહિંસરા તથા મોરબી સ્ટેશનો પર રોકાશે. બંને ટ્રેનનું બુકિંગ આવતીકાલથી રલ્વેની સત્તાવાર વેબસાઇટ પરથી કરી શકાશે તેમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના દક્ષિણ ગુજરાતમાં આજે મેઘમહેર થઈ છે. આજે દક્ષિણ ગુજરાતનાં 10 તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે રાજયના 48 તાલુકામાં વરસાદ વરસ્યો છે. વલસાડ જિલ્લાના કપરાડામાં સૌથી વધુ 6 જ્યારે વાપીમાં સાડા ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

રાજ્યના જળાશયની સ્થિતિની વાત કરવામાં આવે તો 48 જળાશય હાઇ એલર્ટ પર છે. ભારે વરસાદને કારણે 33 માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી સાત દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે પૂર્વ મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન પાંચ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એકે દાસે જણાવ્યુ હતું.

(બાઇટ: ડો.એ કે દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# GANDHINAGAR ACCIDENT

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં થયેલા માર્ગ અકસ્માતમાં રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા છે. રાજકોટમાં પત્રકારોને માહિતી આપતાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે સંયુક્ત ટીમ દ્વારા આ ઘટનાની તપાસ હાથ ધરાશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે રાંદેસણ વિસ્તારમાં કારચાલકે વાહનોને અડફેટે લેતા ઓછામાં ઓછા બે લોકોના મોત થયા હતા, જ્યારે ત્રણ ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . .

# SHARVAN MAAH

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થતાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં 30 દિવસીય શિવોત્સવનો આજથી પ્રારંભ થયો છે. આ પવિત્ર માસમાં સોમનાથ મહાદેવને સવાલાખ બિલ્વ પત્ર શૃંગાર, રુદ્રાક્ષ શૃંગાર, સહિતના 30 દિવસના અલગ અલગ શૃંગાર કરવામાં આવશે. મંદિરના દ્વાર સોમવાર તથા શ્રાવણી તહેવારોના દિવસોએ સવારના 4-00 વાગ્યે ખોલવામાં આવશે. દરમિયાન સ્વચ્છતા, યાત્રી સુવિધા, ટ્રાફીક નિયમન વિગેરે જળવાય તેમજ દેશ પરદેશથી આવતા યાત્રીકોને શાંતિપૂર્ણ રીતે દર્શન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

તો બીજી તરફ દ્વારકામાં આજે દ્વાદશ જ્યોર્તિલિંગ નાગેશ્વર મંદિરે સવારથી ભક્તોની ભારે ભીડ ઉમટી હતી.

તો ભાવનગર જિલ્લાના ગોપનાથ, નિષ્કલંક મહાદેવ, સહિતના પ્રસિદ્ધ શિવધામ ઉપરાંત ભાવનગરના તખ્તેશ્વર મહાદેવ, ભીડભંજન મહાદેવ, કામનાથ મહાદેવ સહિતના અનેક શિવાલયોમાં શિવઘોષ સાથે ભાવ, ભક્તિ અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સેતુ રચાયો છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં આવેલ પૌરાણિક લુણેશ્વર મહાદેવ મંદિર શિવ ભક્તોના ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યું.

વડનગર ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે કમળના ફૂલોથી શિવની પૂજા કરવામાં આવી હતી..

. . . . . . . . . . .